પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૩૧ | ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૨, રવિવાર; મહા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# IPLમાં યુવરાજ સૌથી વધુ ૧૬ કરોડમાં વેચાયો

## ઈશાન કિશન ૧૫.૨૫ કરોડમાં વેચાયો : સુરેશ રૈના, રિધ્ધિમાન સહા, મોહમ્મદ નબી અને મેથ્યુ વેડ અનસોલ્ડ



બેંગલુરૂ, તા.૧૨

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૨ના મેગા ઓક્શનનો આજે પહેલો દિવસ છે. બેંગલુરૂ ખાતે હોટેલ આઈટીસી ગાર્ડેનિયામાં આજે ૧૬૧ ખેલાડીઓ માટે બોલીની શરૂઆત થઈ ગઈ છે. હરાજી દરમિયાન ઓક્શનર હ્યૂજ એડમીડ્સની તબિયત બગડી હતી અને તેઓ સ્ટેજ પરથી ઢળી પડ્યા હતા. ત્યાર બાદ બપોરના ૩:૩૦ વાગ્યા સુધી ઓક્શન રોકી દેવામાં આવેલ અને ત્યાર બાદ પ્રો કબડ્ડી લીગના ડિરેક્ટર ચારૂ શર્મા જેઓ ભારતીય કોમેન્ટેટર પણ છે તેઓ કમાન સંભાળી લીધી.

આઈપીએલ-૨૦૨૨ની હરાજીમાં વેચાયેલા ખેલાડીઓ: ઋદ્ધિમાન સાહા અને સૈમ બિલિંગ્સ અનસોલ્ડ રહ્યા.

શિખર ધવન માટે સૌથી પહેલી બોલી બોલાઈ હતી જેની બેઝ પ્રાઈસ ૨ કરોડ રૂપિયા છે. સૌથી પહેલા દિલ્હી કેપિટલ્સે શિખર માટે બોલી લગાવી હતી. ત્યાર બાદ રાજસ્થાન રોયલ્સે શરૂઆત કરી. દિલ્હી અને રાજસ્થાન વચ્ચે શિખર ધવન માટે લાંબી રેસ ચાલી. પંજાબ કિંગ્સે શિખર ધવનને ૮.૨૫ કરોડ રૂપિયામાં ખરીદી લીધો છે.

● અનુસંધાન પાન-૭ પર

### ક્યો ક્રિકેટર કેટલામાં વેચાયો

- દિનેશ કાર્તિક: ૫.૫૦ કરોડ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર
- જૉની બેયરસ્ટો: ૬.૭૫ કરોડ, પંજાબ કિંગ્સ
- ઈશાન કિશન: ૨ કરોડની બેઝ પ્રાઈસ સામે સ્ફોટક બેટ્સમેનને ૧૫.૨૫ કરોડમાં મુંબઈ ઈન્ડિયન્સે ખરીદ્યો. યુવરાજ સિંહ (૧૬ કરોડ) બાદ સૌથી મોંઘો સ્વદેશી ખેલાડી બન્યો ઈશાન.
- અંબાતી રાયુડૂ: ૬.૭૫ કરોડ, ચેન્નાઈ સુપર કિંગ્સ
- મિચેલ માર્શ: ૬. ૫૦ કરોડ, દિલ્હી કેપિટલ્સ
- કૃણાલ પંડ્યા: ગુજરાત ટાઈટન્સની ૮ કરોડની બોલીની સામે લખનૌ સુપર જાયન્ટ્સે ૮.૨૫ કરોડમાં ઓલરાઉન્ડર કૃણાલ પાંડ્યાને ખરીદ્યો
- વૉશિંગ્ટન સુંદર: ૮.૭૫ કરોડ, સનરાઈઝર્સ હૈદરાબાદ
- વાનિંદુ હસારંગા: ૧૦.૭૫ કરોડ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર
- દીપક હુડ્ડા: હુડ્ડાને ૭૫ લાખની બેઝ પ્રાઈસની સામે લખનૌ સુપરજાયન્ટસે ૫.૭૫ કરોડમાં ખરીદ્યો
- હર્ષલ પટેલ : ગુજરાતી ખેલાડીને ખરીદવા ગુજરાતની ટીમે જ બોલી ન લગાવી. ૨ કરોડની બેઝ પ્રાઈસ સામે ૧૦.૭૫ કરોડમાં ખરીદાયો હર્ષલ, ફરી આરસીબી પાસે આવ્યો ઓલરાઉન્ડર
- જેસન હોલ્ડર: હોલ્ડરને લખનૌ સુપર જાયન્ટસે ૮.૭૫ કરોડમાં ખરીદ્યો
- નીતિશ રાણા: કેકેઆરના નીતિશ રાણાને ફરી કેકેઆરએ જ ૮ કરોડમાં ખરીદ્યો
- ડ્વેન બ્રાવો: નટખટ ખેલાડી બ્રાવો ૨ કરોડની બેઝ પ્રાઈસની સામે ૪.૪૦ કરોડમાં ખરીદાયો, ઝજીદ્ધ પાસે જ આવ્યો ઈન્ડિઝ ઓલરાઉન્ડર
- દેવદત્ત પડિકલ : ૨ કરોડની બેઝ પ્રાઈસની સામે પડિકલને રાજસ્થાન અને મુંબઈ વચ્ચે ભારે સ્પર્ધા બાદ ૭.૭૫ કરોડમાં રાજસ્થાન રોયલે ખરીદ્યો
- રૉબિન ઉથપ્પા: કોઈ ખરીદદાર ન મળ્યું, બેઝ પ્રાઈસ રૂ. ૨ કરોડમાં ઝજીદ્ધએ રિટેન કર્યો
- શિમરન હેટમાયર: ૮.૫ કરોડ, રાજસ્થાન રોયલ્સ
- ડેવિડ વૉર્નર: ૬.૨૫ કરોડ, દિલ્હી કેપિટલ્સ
- ક્વિંટન ડિ કૉક: ૬.૭૫ કરોડ, લખનૌ સુપર જાયન્ટ્સ
- ફૈફ ડુપ્લેસી: ૭ કરોડ, રોયલ ચેલેન્જર્સ બેંગલોર
- મોહમ્મદ શામી: ૬.૨૫ કરોડ, ગુજરાત ટાઈટન્સ
- શ્રેયસ અય્યર: ૧૨.૨૫ કરોડ, કોલકાતા નાઈટ રાઈડર્સ
- કગિસો રબાડા: ૯.૨૫ કરોડ, પંજાબ કિંગ્સ
- પૈટ કમિંસ: ૭.૨૫ કરોડ, કોલકાતા નાઈટ રાઈડર્સ
- રવિચંદ્રન અશ્વિન: ૫ કરોડ, રાજસ્થાન રોયલ્સ
- શિખર ધવન: ૮.૨૫ કરોડ, પંજાબ કિંગ્સ

## ઉત્તરાખંડમાં વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાયા

### રિક્ટર સ્કેલ પર ૪.૧ની તીવ્રતા નોંધાઈ

ઉત્તરકાશી,તા.૧૨

આ સમયનાં સૌથી મોટા સમાચાર છે, પ્રદેશમાં શનિવારે વહેલી સવારે ભૂકંપનાં તીવ્ર ઝટકા અનુભાયા છે. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૧ માપવામાં આવી છે. વહેલી સવારે ઝટકા અનુભવાતા સ્થાનિકોમાં ડર છે. જાણકારી પ્રમાણે, ભૂકંપનાં ઝટકા સવારે ૫.૦૩ વાગ્યે અનુભવાયા હતાં. ભૂકંપનાં ઝટકા પ્રદેશનાં ઉત્તરકાશી જિલ્લાથી આશરે ૩૯ કિલોમીટર પૂર્વમાં અનુભવાયા હતાં. ભૂકંપથી કોઈ પ્રકારનાં જાનમાલનાં નુક્શાનની હાલમાં કોઈ માહિતી નથી. આ પહેલાં જાન્યુઆરીમાં ઉત્તરાખંડનાં બાગેશ્વર જિલ્લામાં સવારનાં સમયે ભૂકંપનાં ઝટકા અનુભવાયા હતાં. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ઓછી હતી. જેને અનુભવી નહોતા શકાયાં. તે સમયે ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૫ હતી.

## હિજાબના મુદ્દે અરાજકતા ફેલાવવાનું ISIનું ષડયંત્ર

### હિજાબ વિવાદને લઈને અનેક ક્ષેત્રોમાં વિરોધ પ્રદર્શન : ખાલિસ્તાની આતંકવાદી સંગઠન દ્વારા ભારતમાં હિજાબ રેફરેંડમ માટે વેબસાઈટ પણ બનાવવામાં આવી છે

નવી દિલ્હી, તા.૧૨

કર્ણાટકથી શરૂ થયેલા હિજાબ વિવાદને લઈ દેશના અનેક ક્ષેત્રોમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યું છે. તેવામાં પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ ખાલિસ્તાની આતંકવાદી સંગઠન દ્વારા ભારતમાં હિજાબ રેફરેંડમ દ્વારા અરાજકતા ફેલાવવાનું ષડયંત્ર રચી રહી છે. ભારતમાં હિજાબ રેફરેંડમ માટે વેબસાઈટ પણ બનાવવામાં આવી છે.

એટલું જ નહીં, શીખ ફોર જસ્ટિસના ચીફ ગુરપતવંત સિંહ પન્નૂ દ્વારા આઈએસઆઈએ વીડિયો પણ જાહેર કરાવ્યો છે. આઈએસઆઈના ષડયંત્ર બાદ ગુપ્તચર એજન્સી પણ એક્ટિવ થઈ ગઈ છે. આઈબી દ્વારા આ મામલે પણ એલર્ટ આપવામાં આવ્યું છે.

એલર્ટમાં કહેવામાં આવ્યું છે કે, શીખ ફોર જસ્ટિસના ચીફ

● અનુસંધાન પાન-૭ પર

## ભારત રશિયા સાથે મિત્રતા નહીં તોડે






### મેલબોર્નમાં ક્વાડ ગ્રૂપ ઓફ ફોરેન મિનિસ્ટર્સની બેઠક

મેલબોર્ન, તા.૧૨

ચીનની વધતી આક્રમકતા વચ્ચે ભારતે મેલબોર્નમાં ક્વાડ ગ્રૂપ ઑફ ફોરેન મિનિસ્ટર્સની બેઠકમાં પોતાની તાકાત અને વૈશ્વિક ફલક પર મહત્તાનો અનુભવ કરાવ્યો હતો. યુક્રેન હોય કે બર્મા (મ્યાનમાર), ભારતે પોતાનું સ્ટેન્ડ એકદમ સ્પષ્ટ રાખ્યું. હતું. બેઠક બાદ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં તેમણે અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકનની હાજરીમાં સ્પષ્ટ કર્યું કે તેઓ અમેરિકા માટે રશિયા સાથેની મિત્રતા ક્યારેય નહીં તોડે. વધુમાં, જુંટા પર શિકંજો કસવા માટે વધુ પ્રતિબંધો લાદવાનું પણ સમર્થન નહોતું કર્યું. ભારતે સ્પષ્ટ કર્યું છે કે તે સંયુક્ત રાષ્ટ્રમાં ચર્ચા પછી જ લાદવામાં આવનાર યુએન પ્રતિબંધોનું સમર્થન કરે છે. તે કોઈપણ દેશ અથવા દેશોના જૂથ વતી એકપક્ષીય પ્રતિબંધની તરફેણમાં નથી. સંદેશ એ છે કે ભારત કોઈપણ દબાણમાં પોતાના હિત સાથે સમાધાન નહીં કરે. તે પોતાની શરતો પર તમામ દેશો સાથે સારા સંબંધો રાખવા માંગે છે.

વિદેશ મંત્રી એસ જયશંકરે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની સુરક્ષામાં મોટી ભૂમિકા ભજવવા માટે ચાર દેશનો ગઠબંધન ક્વાડની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ચીન વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ક્ષેત્રમાં પોતાની સૈન્ય શક્તિ વધારવાના પ્રયાસો કરી રહ્યું છે. ચીન લગભગ સમગ્ર દક્ષિણ ચીન સમુદ્ર પર દાવો કરતું રહ્યું છે. જો કે, તાઈવાન, ફિલિપાઈન્સ, બ્રુનેઈ, મલેશિયા અને વિયેતનામ પણ તેના વિવિધ ભાગો પર દાવો કરે છે. બેજિંગે દક્ષિણ ચીન સાગરમાં કૃત્રિમ ટાપુઓ અને લશ્કરી થાણા બનાવ્યા છે. બેજિંગનો જાપાન સાથે


● અનુસંધાન પાન-૭ પર

## બજાજ ગ્રુપના પૂર્વ ચેરમેન રાહુલ બજાજનું નિધન

### કેટલાક વર્ષથી ઉદ્યોગપતિ કેન્સર સામે ઝઝૂમી રહ્યા હતા ૫૦ વર્ષથી વધુ તેઓ બજાજ સમૂહના ચેરપર્સન રહ્યા

નવી દિલ્હી, તા.૧૨

બજાજ ગ્રુપના પૂર્વ ચેરમેન રાહુલ બજાજે શનિવારે ૮૩ વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધા. દેશના ટોચના ઉદ્યોગપતિ અને બજાજ સમૂહના મોભી રાહુલ બજાજનું લાંબી માંદગી બાદ નિધન થયું છે. છેલ્લા કેટલાક વર્ષોથી તેઓ કેન્સર સામે લડી રહ્યાં હતા.



૫૦ વર્ષથી વધુ સમય સુધી તેઓ બજાજ સમૂહના ચેરપર્સન રહ્યા. ઉદ્યોગજગતની સાથે તેઓ રાજ્યસભાના સાંસદ પણ રહી ચૂક્યાં હતા. ૨૦૦૧માં તેમને પદ્મભૂષણથી નવાજવામાં આવ્યા હતા.

રાહુલ બજાજનો જન્મ ૧૦ જૂન, ૧૯૩૮ના રોજ બંગાળ પ્રેસીડેન્સીમાં થયો હતો. તેમના દાદા જમનાલાલ બજાજે બજાજ બિઝનેસ ગ્રુપનો પાયો નાખ્યો હતો અને રાહુલ બજાજે તેને આગળ વધારીને સફળતાના શિખરો સર કર્યા. તેમણે ૨૯ એપ્રિલ, ૨૦૨૧ના રોજ બજાજ ઓટોના ચેરમેન પદેથી રાજીનામુ આપ્યું હતું. તેઓ ૧૯૭૨થી ચેરમેન પદે કાર્યરત હતા. તેમણે ૧૯૬૫માં બજાજ ગ્રુપમાં જવાબદારી સંભાળી હતી. બજાજ ચેતકના નામથી સૌ કોઈ પરિચિત છે. રાહુલ બજાજના નેતૃત્વમાં જ ચેતક સ્કૂટર અસ્તિત્વમાં આવ્યું હતું. તે એટલું લોકપ્રિય બન્યું હતું કે, એ સમયે બજાજ ગ્રુપ ભારતની ધડકન તરીકે ઓળખાવા લાગ્યું હતું.


ઓર્ગેનીક ફાર્મીંગ એન્ડ કન્સલ્ટન્સીંગ



ઓર્ગેનીક કિચન ગાર્ડન એન્ડ ટેરેસ ગાર્ડન પ્લાન્ટેશન કરી આપવામાં આવશે.

કાચી ઘાણીનું ઓર્ગેનિક મગફળીનું તેલ મળશે.

ઓર્ગેનિક પ્રોડક્ટ્સ મેળવવા માટે કોન્ટેક્ટ કરો

70969 55791

સ્થળ : સેક્ટર-૨૮ ગાર્ડન, ગાંધીનગર

ઓર્ગેનિક ઘઉં માટેનું બુકીંગ ચાલુ છે

